***શિક્ષક સંવર્ગમાં ફરજ બજાવતા કર્મચારીઓની છઠ્ઠા પગાર પંચની કેરીયર એડવાન્સમેન્ટ યોજના હેઠળની અરજીઓ મોકલવા બાબત.***

**વંચાણમાં લીધો**
૧ નામ.સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય, ગાંધીનગરના તા. ૯.૯.૨૦૧૪ના ઠરાવક્રમાંક ગકવ– ૧૪૨૦૦૯ – ૧૧૮૪–ક–૨
૨ અત્રેની કચેરીના તા. ૭.૧૦.૨૦૧૪ના પરિપત્રક્રમાંક નકૃયુ/રજી./એડીએમ.૧.૧/૧૧૪૯૯–૧૧૫૪/૨૦૧૪
૩: અત્રેની કચેરીના તા.૧૬.૧.૨૦૧૫ના પરિપત્રક્રમાંક નકૃયુ/રજી./એડીએમ.૧.૧/૮૩૪/૨૦૧૫

## ◈પરિપત્ર–૨◈

ઉપરોકત વચાણમાં લીધેલ ક્રમ–૩ થી નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે ફરજ બજાવતા તમામ શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓ સરકારશ્રીના ઠરાવથી રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓ માટે શૈક્ષણિક સંવર્ગની મદદનીશ પ્રાધ્યાપક સ્ટેજ–૧થી *Professorship* સ્ટેજ–૬ માટેની ***CAS Prommotion*** ની કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતગર્ત બઢતી માટે લાયકાત ધરાવતા તમામ કર્મચારીઓ પાસેથી આ સાથે સામેલ અરજીપત્રકમાં જણાવેલ સૂચનાઓનો ઝીણવટભર્યો અભ્યાસ કરી તેમની અરજી અત્રેની કચેરીને ***તા.૯.૨.૨૦૧૫*** સુધીમાં તેમની કચેરી મારફત જરુરી આધાર પુરાવા સહીત અરજીઓ મંગવામાં આવેલ હતી. નવસારી કૃષિ યુનિવર્સિટીના અધ્યાપક મંડળની રજુઆત તથા જરુરી સાધનીક પુરાવા માટે અરજીની તારીખ લંબાવવા જણાવતા અરજી મંગાવવા માટે **તા. ૨૩.૩.૨૦૧૫** સુધી લંબાવવામાં આવે છે. જેમાં નીચે મુજબના મુદૃાઓનો સમાવેશ કરવામાં આવે છે.

(૧) CAS અંતગર્ત **પાંચમાં પગાર પંચ** ધ્વારા નકકી કરેલ ગાઇડ લાઇન મુજબની લાયકાત ધરાવતા શિક્ષકો માટે **તા. ૩૧.૧૨.૨૦૦૮ ( કટ ઓફ ડેટ)** તારીખ સુધીમાં જેતે કેટેગરીમાં લાયકાત પરિપૂર્ણ કરેલ હોય તેવા શિક્ષકોએ અરજી કરવાની રહેશે. *(નિયત નમૂનો તથા સામાન્ય સૂચનાઓ સામેલ છે. )*

(૨) અત્રેની કચેરીના તા. ૭.૬.૨૦૧૪ના પરિપત્રક્રમાંક નકૃયુ/રજી./ એડીએમ.૧.૧/૬૪૧૫/૨૦૧૫થી અત્રેની યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારી ઓ પાંચમા પગાર પંચ ધ્વારા નકકી કરેલ ગાઇડ લાઇન મુજબની લાયકાત ધરાવતા શિક્ષક સંવર્ગના કર્મચારીઓ પાસેથી અરજીઓ કરેલ હોય તેવા કર્મચારીઓએ ફરીથી અરજી કરવાની રહેશે નહી.

(૩) CAS અંતર્ગત છઠ્ઠા પગાર પંચ ધ્વારા નકકી કરેલ ગાઇડ લાઇન મુજબની લાયકાત ધરાવતા શિક્ષક સંવર્ગના કર્મચારીઓએ કેરીયર એડવાન્સમેન્ટ યોજનાના અમલી કરણમાં વિલંબ થયેલ હોવાથી **છઠ્ઠા પગાર પંચ અંતર્ગત તા. ૩૧.૧૨.૨૦૦૮ થી તા. ૩૦.૬.૨૦૧૦** વચ્ચે કોઇ શિક્ષક બઢતી માટે પાત્ર થાય તો તેનું મુલ્યાંકન ***પાંચમાં પગાર પંચ મુજબના માપદંડ પ્રમાણે કરવાનું રહેતુ હોવાથી તેવા શિક્ષકોએ પાંચમાં પગારપંચ અન્વયે CAS યોજનાનું નિયત કરેલ ફોર્મ ભરવાનું રહેશે.*** **(તેઓએ એ.પી.આઇ.પરિપૂર્ણ કરવાનો રેહેશે નહી.** )

(૪) CAS અંતર્ગત છઠ્ઠા પગાર પંચ ધ્વારા નકકી કરેલ ગાઇડ લાઇન મુજબ કેરીયર એડવાન્સમેન્ટ યોજનાનો અમલ તા. ૧.૧.૨૦૦૯થી કરવાનો રહેશે અને જયારે એ.પી.આઇ.સ્કોરનો અમલ યુ.જી.સી.ના જાહેરનામા નં. એફ ૩.૧/૨૦૦૯ તા. ૩૦.૬.૨૦૧૦ તથા (No.F.1-2/2009(EC/PS)V(i) Vol.II ) તા. ની જોગવાઇ મુજબ કૃષિ મંત્રાલયના તા. ૨૨.૭.૨૦૧૩ આધિન કરવાનો રહેશે.

(૫) **તા. ૩૧.૧.૨૦૧૫** સુધીમાં જે તે કેટેગરીમાં લાયકાત પરિપૂર્ણ કરતા હોય તેવાજ શિક્ષકોએ અરજી કરવાની રહેશે.
પ્રસ્તૃત પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવીને યુનિવર્સિટીના કામકાજના હિતમાં જારી કરવામાં આવે છે.

સામેલ : ઉપર મુજબ

સહી/
**કુલસચિવ**

જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૧.૧/ ૧૭૫૦ /૨૦૧૫
તા. ૩.૨.૨૦૧૫

***નકલ સવિનય રવાના:***
અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ સારુ તેમજ
૨/– સદર પરિપત્ર આપના તાબા હેઠળના તમામ શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓના ધ્યાન ઉપર લાવી તેને સંલગ્ન કાર્યવાહી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા વિનંતી.

રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક સંવર્ગ- મદદનીશ પ્રાધ્યાપક સ્ટેજ-૧ થી **Professorship** સ્ટેજ-૬ ની જગ્યાઓમાં કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત બઢતીથી નિમણૂંક માટેના **Academic Performance Indicator (API)** નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક:ગકવ- ૧૪૨૦૦૯-૧૧૮૪-ક.૨
સચિવાલય, ગાંધીનગર
તારીખ : /૦૮/૨૦૧૪
- 9 SEP 2014

(૧) કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક:ગકવ- ૧૪૨૦૦૯-૧૧૮૪-ક.૨. તા. ૦૧/૦૪/૨૦૧૦
(૨) કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક:ગકવ- ૧૪૨૦૦૯-૧૧૮૪-ક.૨, તા. ૧૫/૦૪/૨૦૧૦
(૩) કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક:ગકવ- ૧૪૨૦૦૯-૧૧૮૪-ક.૨, તા. ૧૨/૦૯/૨૦૧૩
(૪) યુ.જી.સી. ના જાહેરનામા નં.F. 3-1/2009. તા. 30/૬/૨૦૧૦
(૫) યુ.જી.સી. ના જાહેરનામા No.F.1-2/2009(EC/PS) V(i) Vol-II. તા.૧૩/૦૬/૨૦૧૩
(૬) કૃષિ મંત્રાલયના કૃષિ સંશોધન અને શિક્ષણ વિભાગ, ભારત સરકાર ના પત્ર ક્રમાંક:F.No.1(1)/2009-per-IV. dated 22th July.2013.

આમુખ :-

રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક સંવર્ગને રાજ્ય સરકારના ઠરાવ ક્રમાંક:ગકવ-૧૪૨૦૦૯-૧૧૮૪-ક.૨. તા.૦૧/૦૪/૨૦૧૦થી છઠ્ઠા કેન્દ્રિય પગાર પંચની ભલામણોના આધારે પગાર સુધારણાનો લાભ આપેલ છે. જેની શરત ક્રમાંક-૬થી "કૃષિ યુનિવર્સિટી દ્વારા સેવા વિષયક અને અન્ય નિયમો અન્વયે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત UGC/DARE/ICAR ના માપદંડ મુજબ રાખી તેનુ સખ્તપણે પાલન કરવાનું રહેશે" અને શરત ક્રમાંક-૧૨થી "કેરીયર એડવાન્સમેન્ટ યોજનાનો લાભ નિયમાનુસાર મળવાપાત્ર થશે પરંતુ અગ્રીમ ઇજાફા મળવાપાત્ર થશે નહિ" તેમ ઠરાવેલ હતું. આ બાબતોના અનુસંધાનમાં કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત Academic Performance Indicator (API) based on ICAR Regulation / UGC Regulations મંજુર કરવા દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે. કોમન સ્ટેચ્યુટ નં.એસ-૧૧૫માં વિવિધ ફેકલ્ટીની જગ્યાઓમાં કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત મદદનીશ પ્રાધ્યાપક થી Professorship ના નિયમોની Rule-31.0 થી 38.0 થી જોગવાઇ કરવામાં આવેલ છે. તેમાં Rule-32.0 થી મદદનીશ પ્રાધ્યાપક સ્ટેજ-૧ થી Professorship સ્ટેજ-૬ માટેની CAS-Promotion ની જોગવાઇ છે.

A.1.1

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
જ.ક્ર.નં. 5309-ક
તા. 15 SEP 2014
એડીએમ-૩ શાખા

2 SEP 2014

વિભાગના તા.૧૨/૦૯/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક:ગકવ-૧૪૨૦૦૯-૧૧૮૪-ક.૨ થી સહ પ્રાધ્યાપક / પ્રાધ્યાપક ના **સીધી ભરતી હેઠળ નિમણુંક** માટેના Academic Performance Indicator (API) based on ICAR Regulation / UGC Regulations ની જોગવાઇ મૂજબ મંજુર કરવામાં આવેલ છે અને ચારેય કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા અમલમાં મુકવાની થતી કેરીયર એડવાન્સમેન્ટ યોજના- CAS-Promotion હેઠળ નિમણૂંક માટેના API સ્કોર નકકી કરવા માટેની સર્વગ્રાહી દરખાસ્ત આણંદ કૃષિ યુનિવર્સિટીને રજુ કરવા જણવવામાં આવેલ હતુ. જે અંતર્ગત આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા તા. ૧૨/૧૧/૨૦૧૩ની નિયામક મંડળની ૩૧મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૩૧.૧૧ માં ઠરાવ્યા મુજબ કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ મદદનીશ પ્રાધ્યાપક થી પ્રાધ્યાપકમાં બઢતી માટે સરકારશ્રીને દરખાસ્ત કરવા ભલામણ કરેલ છે તે મુજબ ચારેય કૃષિ યુનિવર્સિટી માટે API સ્કોર મંજુર માટે કરવા માટેની તા. ૨૯/૧૧/૨૦૧૩ થી દરખાસ્ત રજુ કરેલ. જે બાબત વિચારણા હેઠળ હતી.

તાજેતરમાં યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૧૩ (2nd Amendments) થી ઉચ્ચ શિક્ષણમાં શિક્ષક અને અન્ય શૈક્ષણિક સંવર્ગની નિમણુક માટેના લઘુતમ લાયકાતોના માપદંડો જાળવવા માટે જાહેરનામા No.F.1-2/2009(EC/PS) V(i) Vol-II, તા.૧૩/૦૬/૨૦૧૩થી બહાર પાડેલ છે તે વિનિયમો અપનાવવા માટે ભારત સરકાર, કૃષિ મંત્રાલયના કૃષિ સંશોધન અને શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક:F.No.1(1)/2009-per-IV, dated 22th July,2013 થી રાજય સરકારશ્રીને જણાવેલ છે જે અંતર્ગત કૃષિ યુનિવર્સિટીઓના શિક્ષકોના એકેડેમીક પરફોર્મન્સ ઇન્ડીકેટર્સ દર્શાવવામાં આવેલ છે. જેના અમલીકરણ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

ઉકત બાબતે પુખ્ત વિચારણાના અંતે રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓ માટે શૈક્ષણિક સંવર્ગ- મદદનીશ પ્રાધ્યાપક સ્ટેજ-૧ થી Professorship સ્ટેજ-૬ માટેની CAS-Promotion ની કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત બઢતીથી નિમણુક આપવા માટે આ ઠરાવ સાથેના Annexure-1 મુજબ Academic Performance indicator(API) નીચેની શરતોને આધિન મંજુર કરવામાં આવે છે. રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓએ આ API નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧. વિભાગના ઠરાવ ક્રમાંક:ગકવ-૧૪૨૦૦૯-૧૧૮૪-ક.૨, તા. ૦૧/૦૪/૨૦૧૦ થી શૈક્ષણિક સંવર્ગના છઠ્ઠા કેન્દ્રીય પગાર પંચની ભલામણોના આધારે પગાર ધોરણની સુધારણાના ઠરાવની શરત નંબર-૧૨ થી ઠરાવ્યાનુસાર કેરીયર એડવાન્સમેન્ટ યોજનનો લાભ નિયમાનુસાર મળવાપાત્ર થશે. પરંતુ અગ્રીમ ઇજાફાનો લાભ મળવાપાત્ર થશે નહી. સદર ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

૨. કૃષિ યુનિવર્સિટીઓમાં કેરીયર એડવાન્સમેન્ટ યોજનાનો અમલ તા. ૧/૧/૨૦૦૯ થી કરવાનો રહેશે અને જયારે CAS માટે API Score નો અમલ યુ.જી.સી. ના જાહેરનામા નં.F. 3-1/2009, તા. ૩૦/૬/૨૦૧૦ તથા No.F.1-2/2009(EC/PS) V(i) Vol-II, તા.૧૩/૦૬/૨૦૧૩ ની જોગવાઇ મુજબ કૃષિ મંત્રાલયના કૃષિ સંશોધન અને શિક્ષણ વિભાગ, ભારત સરકાર ના પત્ર ક્રમાંક:F.No.1(1)/2009-per-IV, dated 22th July,2013 આધિન કરવાનો રહેશે.

૩.. કૃષિ યુનિવર્સિટીઓમાં કેરીયર એડવાન્સમેન્ટ યોજનાની અન્ય શરતો કોમન સ્ટેચ્યુટ-૧૧૫ ના નિયમોની Rule-31.0 થી 38.0 જોગવાઇ કરવામાં આવેલ છે. તે મુજબ અમલ કરવાનો રહેશે

૪. કેરીયર એડવાન્સમેન્ટ યોજનાના અમલીકરણમાં વિલંબ થયેલ હોવાથી છઠ્ઠા પગારપંચ અંતર્ગત તા.૩૧.૧૨.૨૦૦૮ થી ૩૦/૬/૨૦૧૦ વચ્ચે કોઇ શિક્ષક બઢતી માટે પાત્ર થાય તો તેનું મુલ્યાંકન પાંચમા પગાર પંચ મુજબના માપદંડ પ્રમાણે કરવાનું થાય છે. એટલે કે, તેઓએ API પરીપૂર્ણ કરવાના રહેશે નહિ.

૫. કૃષિ યુનિવર્સિટીઓમાં કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત બઢતી મેળવનાર મદદનીશ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ જગ્યાઓમાં ટેબલ-૨ ના ક્રમ નંબર-૭ માં દર્શાવેલ Expert Assessment માં ઓછામાં ઓછા કુલ ૫૦% મેળવવાના રહેશે, જયારે સહ પ્રાધ્યાપક (AGP Rs.9000) તથા પ્રાધ્યાપક (AGP Rs.10000) અને તેની સમકક્ષ સંવર્ગમાં CAS-Promotion ની બઢતી માટે Expert Assessment માંથી ઓછામાં ઓછા ૫૦% તથા Interview Performance તેમજ Annual Assessment Report (ખાનગી અહેવાલ) સાથે ઓછામાં ઓછા કુલ ૬૦% મેળવવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

B R Thakkar

(બી.આર.ઠક્કર)

ઉપસચિવ (કૃષિ યુનિ.)

પ્રતિ,

૧. કુલપતિશ્રી, કૃષિ યુનિવર્સિટી, આણંદ, જૂનાગઢ/નવસારી/સરદારકૃષિનગર.
૩. કુલસચિવશ્રી, કૃષિ યુનિવર્સિટી, આણંદ, જૂનાગઢ/નવસારી/સરદારકૃષિનગર.
૪. સહ પ્રાધ્યાપકશ્રી, રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, ગાંધીનગર
૫. નાયબ સેકશન અધિકારીશ્રી, કલેકશન
૬. સિલેક્ટર ફાઇલ
૭. શાખા સંગ્રહ